પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૭૪ | ૧૬ ડિસેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; માગશર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# વિશ્વમાં ઓમિક્રોનના કહેરથી ભારતમાં ફફડાટ

**ઓમિક્રોન વધારે ઝડપથી ફેલાશે, જાન્યુ.-ફેબ્રુ.માં ભારતમાં કેસ વધશે : નવા વેરિયન્ટ ઓમિક્રોન પર કરવામાં આવેલ અભ્યાસ દર્શાવે છે કે તે હવે સ્થાનિક રોગના સ્ટેજ પર પહોંચી રહ્યું છે, તેનાથી ગભરાવાની જરૂર નથી**

નવી દિલ્હી, તા.૧૫

કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનને કારણે સમગ્ર વિશ્વમાં ફફડાટ ફેલાયો છે. દક્ષિણ આફ્રિકાથી બ્રિટન સુધી ઓમિક્રોનના નવા કેસ ઝડપથી વધી રહ્યા છે. દરમિયાન, ભારતમાં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં આ નવા વેરિઅન્ટના કેસમાં વધારો થવાની ધારણા છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, આ સમયગાળા દરમિયાન ઓમિક્રોનના કેસ ડેલ્ટા વેરિયન્ટ કરતાં પણ વધુ ઝડપથી ફેલાઈ શકે છે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે દેશમાં ઓમિક્રોનના ફેલાવાની ઝડપ ડેલ્ટા કરતા વધુ હોઈ શકે છે. તેમણે કહ્યું કે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ઓમિક્રોનના કેસ ખૂબ જ ઝડપથી વધી શકે છે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે ઓમિક્રોનનો ચેપ બહુ ગંભીર નહીં હોય.

અધિકારીએ કહ્યું કે ઓમિક્રોન પર કરવામાં આવેલ અભ્યાસ દર્શાવે છે કે તે હવે સ્થાનિક રોગના સ્ટેજ પર પહોંચી રહ્યું છે અને તેનાથી ગભરાવાની જરૂર નથી. આ તબક્કામાં ચેપ ઝડપથી થશે પરંતુ તે ગંભીર નહીં હોય.

ભારતમાં કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનના અત્યાર સુધીમાં ૬૧ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ઓમિક્રોનના સૌથી વધુ ૨૮ કેસ છે. દિલ્હીમાં ઓમિક્રોનના ૬ કેસ મળી આવ્યા છે. રાજસ્થાનમાં ૧૭ અને ગુજરાતમાં અત્યાર સુધી ૪ કેસ નોંધાયા છે, જેમાં ૩ જામગનર અને એક સુરતનો છે.

મહારાષ્ટ્રના આરોગ્ય વિભાગે મંગળવારે જણાવ્યું હતું કે રાજ્યમાં ઓમિક્રોનના આઠ નવા કેસ નોંધાયા છે અને આમાંથી કોઈ પણ દર્દીએ તાજેતરમાં વિદેશ પ્રવાસ કર્યો નથી. આરોગ્ય વિભાગે એક બુલેટિનમાં જણાવ્યું હતું કે નવા કેસ સાથે રાજ્યમાં સાર્સ-કોવ-૨ના નવા સ્વરૂપથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૨૮ થઈ ગઈ છે. તેમાંથી મુંબઈમાં સાત કેસ નોંધાયા છે અને સંક્રમિતોમાં ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (એનઆઈવી) પુણેના અહેવાલ મુજબ રાજ્યમાં વધુ આઠ દર્દીઓ ઓમિક્રોનથી સંક્રમિત જોવા મળ્યા હતા. હેલ્થ બુલેટિનમાં જણાવાયું હતું. જેમાંથી સાત દર્દી મુંબઈના અને એક દર્દી વસઈ-વિરારનો છે.

## રાજ્યોના ૧૧ મુખ્યમંત્રીએ રામલલાના દર્શન કર્યા

અયોધ્યા, તા.૧૫

અયોધ્યામાં પહેલીવાર ભાજપ શાસિત ૧૧ રાજ્યોના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી બુધવારે એક સાથે રામલલાના દર્શન કર્યા. દેશમાં અત્યારે ૧૧ રાજ્યમાં ભાજપની સરકાર છે. દેશના વિભિન્ન પ્રાંતોના મુખ્યમંત્રીઓનો અયોધ્યામાં પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અહીં પહોંચ્યા પર સ્વાગત કર્યુ. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા સહિત તમામ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓએ સરયૂ ઘાટ પર પૂજા-અર્ચના કરી.

ભાજપ શાસિત રાજ્યોના સીએમ અયોધ્યા પહોચ્યા હતા. અહીં પહોંચીને પત્રકારો સાથે વાત કરતા જે પી નડ્ડાએ કહ્યુ કે આ દિલની તમન્ના હતી કે અહીં ભવ્ય રામ મંદિર બન્યા. આ ઘણા જ હર્ષનો વિષય છે કે કરોડો ભારતીયોનુ સપનુ પૂરુ થઈ રહ્યુ છે. કાશી વિશ્વનાથ ધામનુ લોકાર્પણ થયા બાદ ત્યાં મુખ્યમંત્રીઓની એક બેઠક થઈ.

અમે તમામ રામ લલાના દર્શન કરવા ઈચ્છતા હતા. અમે બની રહેલા ભવ્ય મંદિરનુ નિરીક્ષણ કરવા પણ ઈચ્છતા હતા. તમામ કાશી આવ્યા હતા તો તેઓ સાથે રામલલાના પણ દર્શન કરવા ઈચ્છતા હતા. મધ્ય પ્રદેશના સીએમ શિવરાજ સિંહ ચૌહાણ, ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, આસામના સીએમ હિમંતા બિસ્વા શર્મા અને હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ પણ અયોધ્યા પહોંચ્યા છે, જ્યાં આ તમામનુ સ્વાગત થયુ. ત્રિપુરાના સીએમ બિપ્લબ દેવ, બિહારના ડેપ્યુટી સીએમ રેણુ દેવી, અરૂણાચલના સીએમ પ્રેમા ખાંડૂ અને મણિપુરના સીએમ એન બિરેન સિંહ અયોધ્યા પહોંચી ચૂકેલા છે. આ લોકો રામ લલાના મંદિર, હનુમાન ગઢી અને સરયૂ ઘાટ જોવા ગયા.

## ગ્રુપ કેપ્ટન વરૂણ સિંહ પણ જીવન સામેનો જંગ હારી ગયા

**કુન્નુરમાં હેલિકોપ્ટર કેસમાં માત્ર ગ્રુપ કેપ્ટન બચ્યા હતા : આઠ ડિસેમ્બરે હેલિકોપ્ટર દુર્ઘટનામાં દેશના પહેલાં સીડીએસ રાવત સહિત ૧૩ અધિકારીઓના મોત થયા હતા**

બેંગલોર, તા.૧૫

તમિલનાડુના કુન્નુરમાં થયેલા હેલિકોપ્ટર કેશમાં જે એકમાત્ર વ્યક્તિનો જીવ બચ્યો હતો તે ગ્રુપ કેપ્ટન વરુણ સિંહ પણ જીવન સામેની જંગ હારી ગયા છે. કેપ્ટન વરુણ સિંહની સારવાર બેંગ્લોરની એક ખાનગી હોસ્પિટલમાં ચાલી રહી હતી પરંતુ તાજેતરમાં જ ભારતીય વાયુ સેનાએ ટ્વિટ કરીને તેમના નિધનના દુઃખદ સમાચાર આપ્યા છે. વાયુ સેના તરફથી કરવામાં આવેલી ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતીય વાયુ સેના અત્યંત દુઃખ સાથે તમને જણાવવા માંગે છે કે ગ્રુપ કેપ્ટન વરુણ સિંહનું આજે સવારે અવસાન થયું છે. ૮મી ડિસેમ્બરના રોજ થયેલી હેલિકોપ્ટર દુર્ઘટનામાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.



વાયુસેનાએ કેપ્ટનના પરિવાર માટે સંવેદના પણ વ્યક્ત કરી છે.

દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયા પછી તેમની બેંગ્લોરની હોસ્પિટલમા સારવાર ચાલી રહી હતી. તેમને લાઈફ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં આવ્યા હતા. તેમની સ્થિતિ ગંભીર હતી અને દેશભરમાં તેમના સ્વાસ્થ્ય અને લાંબા જીવન માટે પ્રાર્થના કરવામાં આવી રહી હતી. કર્ણાટકના ગૃહમંત્રીએ રવિવારના રોજ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર તરફથી સારવાર માટે તમામ સહાય પૂરી પાડવામાં આવશે. નોંધનીય છે કે ગ્રુપ કેપ્ટન વરુણ સિંહને તાજેતરમાં જ પોતાની બહાદુરી બદલ રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદ દ્વારા શૌર્ય ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ખેડૂતોની હવન-પૂજા, પાઠ સાથે પાછા ફરવાની તૈયારી

**ખેડૂતોની વતન વાપસી તેજ બની : ફતેહ માર્ચ કાઢતા પહેલા ખેડૂતોએ દેશભક્તિના ગીતો પર ડાન્સ કર્યો**

નવી દિલ્હી, તા.૧૫

ગાઝિયાબાદના યુપી ગેટ પર આંદોલનકરી ખેડૂતોએ આજે સવારે હવન અને પૂજાપાઠ કરીને પોતાના ઘરે પાછા ફરવાની તૈયારી શરૂ કરી દીધી છે. ખેડૂતોએ યુપી ગેટથી ફતેહ માર્ચ કાઢીને પહેલા હવનમાં આહુતિ આપી હતી અને તે દરમિયાન ખેડૂત નેતા ગૌરવ ટિકૈત, મીડિયા પ્રભારી શમશેર રાણા હોશિયાર અને બીજા ખેડૂતો હાજર રહ્યા હતા. ભાકિયુના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકૈત પણ ગાઝીપુર બોર્ડર પર પહોંચી ગયા હતા. હવન સંપૂર્ણ થયા બાદ ખેડૂતોએ પોતાનો સામાન તૈયાર કરી લીધો હતો અને એક બીજા સાથે મળી વિદાયની તૈયારી શરૂ કરી હતી. ફતેહ માર્ચ કાઢતા પહેલા ખેડૂતોએ દેશભક્તિના ગીતો પર ડાન્સ પણ કર્યો હતો.

ખેડૂતોએ યુપી ગેટથી ગાડી અને ટ્રેક્ટર ટ્રોલીની સાથે મુઝફ્ફર નગર કિસાન ભવન સિસૌલી સુધી ફતેહ માર્ચ યોજવાનો કાર્યક્રમ નિર્ધારિત કર્યો હતો. ભાકિયુ પ્રવક્તા રાકેશ ટિકૈતે મંગળવારે જ ખેડૂતોને યુપી ગેટ પર પહોંચવા માટે હાકલ કરી દીધી હતી. યુપી ગેટ આંદોલન સ્થળથી ભાકિયુના મોટાભાગના તંબુ અને ટેન્ટ હટાવી દેવામાં આવ્યા છે. મંગળવારે ખેડૂતો ભાકિયુના લંગર સામે બેસીને આગળની રણનીતિ બનાવતા જોવા મળ્યા હતા.

પ્રદેશ અધ્યક્ષ રાજબીર સિંહ જાડૌને જણાવ્યું કે, ૧૫મી ડિસેમ્બર સુધીમાં યુપી ગેટ, દિલ્હી મેરઠ એક્સપ્રેસવે, એનએચ-૯ના રસ્તાઓ પૂરી રીતે ખાલી થઈ જશે. મોટાભાગના ખેડૂતો ઘરે પરત જતા રહ્યા છે.

## દેશમાં કોરોનાના ૬૯૮૪ નવા કેસ

નવી દિલ્હી, તા.૧૫

ભારતમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે. દેશમાં સળંગ ૧૮માં દિવસે કોરનાના નવા કેસ ૧૦ હજારથી નીચે રહ્યા છે. દેશમાં હડુ પણ કેરળમાં સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૬૯૮૪ નવા કેસ નોંધાયા છે અને ૨૪૭ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. ૮૧૬૮ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૮૭,૫૬૨ પર પહોંચી છે. રિકવરી રેટ ૯૯ ટકા જેટલો છે, જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી વધારે છે. દેશમાં નોંધાયેલા કુલ કેસ પૈકી કેરળમાં ૪૦૭૩ કેસ નોંધાયા છે અને ૧૭૪ સંક્રમિતોના મોત થયા છે.

## સવાલોથી ઉશ્કેરાઈને અજય મિશ્રાએ પત્રકારોને ગાળો ભાંડી

**લખીમપુર હિંસા મામલે પુત્ર પર ગુનો દાખલ થતાં મંત્રી ગિન્નાયા : જઈને એસઆઈટીને પુછો, એ તો તમારા મીડિયાવાળા છે ને, એમણે જ એક નિર્દોષ માણસને ફસાવ્યો છે : મંત્રી**

નવી દિલ્હી, તા.૧૫

લખીમપુર હિંસા મામલે



દીકરા આશિષ મિશ્રા મોનૂ પર હત્યાનો પ્રયત્ન અને આર્મ્સ એક્ટ લાગુ થયા બાદ કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રા ટેનીએ પોતાનો પિત્તો ગુમાવ્યો છે. તિકુનિયા હિંસા મામલે દીકરા આશીષ મિશ્રાને ફસાતો જોઈને પત્રકારોના સવાલ પર ઉશ્કેરાઈ ગયેલા અજય મિશ્રા ટેનીએ મીડિયાકર્મીઓ પર ગુસ્સો ઉતારીને તેમને અપશબ્દો કહ્યા હતા. મધર ચાઈલ્ડ કેરના ઓક્સિજન પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવા માટે પહોંચેલા કેન્દ્રીય રાજ્ય મંત્રી અજય મિશ્રા ટેનીને દીકરા આશિષ મિશ્રા અંગે સવાલો પુછવામાં આવ્યા ત્યારે તેમણે આ જે મીડીયાવાળા છે ને, એક નિર્દોષ માણસને ફસાવ્યો છે, શરમ નથી આવતી, કેટલા ગંદા લોકો છો... હોસ્પિટલ છે, બધું છે, એ નથી દેખાતું' એમ કહ્યું હતું.







Adfactors 482B